૨૬ જાન્યુઆરી
આપ સૌને પ્રજાસત્તાક દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ

# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 16 ISSUE : 21 DATE: 01- 02 -2025 (વિક્રમ સંવત ૨૦૮૧ મહા સુદ ત્રીજ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026


# વિલાયત ખાતે જ્યુબિલન્ટ ઈંગ્રેવીઆ વૈશ્વિક ગ્રાહકોને નિયાસીનામાઈડ સપ્લાય કરવા માટે નવી cGMP સુવિધા કાર્યરત કરી

વિલાયત ખાતે જ્યુબિલન્ટ ઈંગ્રેવીઆ વૈશ્વિક ગ્રાહકોને નિયાસીનામાઈડ સપ્લાય કરવા માટે નવી cGMP સુવિધા કાર્યરત કરી છે. નવી સુવિધા, જેની ક્ષમતા ૫,૦૦૦ મેટ્રિક ટન છે, તે માનવ વપરાશ માટે ન્યુટ્રાસ્યુટિકલ્સ અને આહાર-સક્રિય ઘટકોનું ઉત્પાદન કરશે.

નવી સુવિધા, જેની ક્ષમતા ૫,૦૦૦ મેટ્રિક ટન છે, તે માનવ વપરાશ માટે ન્યુટ્રાસ્યુટિકલ્સ અને આહાર-સક્રિય ઘટકોનું ઉત્પાદન કરશે.

આ સુવિધા કંપનીના USFDA મંજૂર પ્લાન્ટનું વિસ્તરણ છે જે પહેલાથી જ યુએસ, યુરોપ, જાપાન અને અન્ય ઘણા બજારોમાં સપ્લાય કરે છે.

નવા પ્લાન્ટમાંથી મેળવેલ નિયાસીનામાઈડ, ફૂડ ગ્રેડ નિયાસિન સાથે ત્વચા અને વાળની સંભાળમાં તેની વિવિધ એપ્લિકેશનો ઉપરાંત, કંપની માટે વૈશ્વિક સ્તરે શિશુ પોષણ બજારમાં પ્રવેશવાનો માર્ગ મોકળો કરશે.

વિટામિન B3 ના આ નવા ગ્રેડનું ઉત્પાદન આ ઉચ્ચ-મૂલ્ય અને ઉચ્ચ માર્જિન ઓફર સાથે મૂલ્ય-વર્ધિત ઉત્પાદનો સેગમેન્ટમાં કંપનીની હાજરીને નોંધપાત્ર રીતે વધારશે.

જ્યુબિલન્ટ ઈંગ્રેવિયાના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર દીપક જૈને જણાવ્યું હતું કે: "ખોરાક, પોષણ અને કોસ્મેટિક એપ્લિકેશન માટે નિયાસીનામાઈડ માટેની અમારી નવી સુવિધા શરૂ કરવી એ અમારી સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. અમે પહેલાથી જ નિયાસીનામાઈડના વિશ્વના સૌથી મોટા ઉત્પાદકોમાંના એક છીએ અને અમે આ નવા પ્લાન્ટના ઉપયોગને વિસ્તૃત કરીએ છીએ, અમારું લક્ષ્ય આગામી વર્ષોમાં વિટામિન ᗺ૩માં વૈશ્વિક નેતા બનવાનું છે.

આ સાથે, હવે અમે એવા કેટલાક પસંદગીના લોકોમાં છીએ કે જેઓ આ ઉચ્ચ-મૂલ્ય, ઉચ્ચ માર્જિન ઓફરિંગ માટે ઉચ્ચ-ગુણવત્તાવાળા વિટામિન B3 ઉત્પન્ન કરવામાં સક્ષમ છે. તે અમને વ્યૂહાત્મક મોટ પણ આપે છે, જે અમને ફીડ-ગ્રેડ નિઆસીનામાઈડમાં ઉદ્યોગની અસ્થિરતાથી રક્ષણ આપે છે.

અમને જણાવતા આનંદ થાય છે કે અમે અમારી સપ્લાય શરૂ કરવા માટે કેટલીક સૌથી વધુ ઓળખી શકાય તેવી વૈશ્વિક બ્રાન્ડ્સ સાથે પહેલેથી જ ચર્ચા કરી રહ્યા છીએ."

## આરતી ઈન્ડસ્ટ્રીઝે દહેજ SEZ ખાતે ઈથિલેશન યુનિટની ક્ષમતા વિસ્તરણ શરૂ કરી

આરતી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે દહેજ SEZ એકમ ખાતે ઈથિલેશન યુનિટની ક્ષમતા વધારા અંગેનું તેનું પ્રોજેક્ટ કાર્ય પૂર્ણ કર્યું છે.

કંપનીએ આ વિસ્તૃત સુવિધામાં સફળતાપૂર્વક ઉત્પાદન શરૂ કર્યું છે. આ વિસ્તરણ સાથે કંપનીની ઈથિલેશન માટે સ્થાપિત ઉત્પાદન ક્ષમતા આશરે 8-10 KTPA થી વધીને આશરે 25-30 KTPA થઈ ગઈ છે.

આ વિસ્તરણ કંપનીને વિવિધ ઈથિલેશન અને પ્રોપીલેશન ઉત્પાદનો માટે તેની એકંદર ઈથિલેશન ક્ષમતાને વૈવિધ્યીકરણ કરવા તેમજ તેના નાઈટ્રો-ટોલ્યુએન શ્રેણીના ઉત્પાદનોના સંદર્ભમાં વોલ્યુમ વધારવા માટે સુગમતા પણ પ્રદાન કરે છે.


www.gfl.co.in
GFL GUJARAT FLUOROCHEMICALS VALUE THROUGH GREEN CHEMISTRY
An INOXGFL GROUP COMPANY
HAPPY गणतंत्र दिवस
आप सबको GFL की और से गणतंत्र दिवस की शुभकामनाएं
Gujarat Fluorochemicals Limited
- Plot No: 12/A, GIDC Dahej Industrial Estate, Taluka: Vagra,Bharuch 392 130, Gujarat, India
- Plot No. D-2/CH/173 & 222, Village –Jolva, Dahej II. Taluka - Vagra, Dist. - Bharuch-392 130 Gujarat

26 th January Happy Republic Day
zydus Dedicated To Life
Zydus Lifesciences Ltd
Plot No: 26 to 29 & 31, Dabhasa Umraya Road, Ta: Vill, Dabhasa, Padra, Gujarat 391440

ASP CHEM EQUIPMENTS PVT. LTD.
LEADING ENGINEERS & MANUFACTURERS OF CHEMICAL AND PHARMACEUTICAL PROCESS EQUIPMENTS & PLANTS
"ONE STOP SOLUTION FOR ALL PROCESS VESSELS"
We provide PV-ELITE Design
Equipments manufactured as per code: ASME, TEMA, API-650.
aspchem.com
STORAGE VESSELS &TANKS
GMP REACTOR
AGITATED NUTCHE FILTER DRYER
HEAT EXCHANGER
VACUUM TRAPS
REACTOR 24KL
Works:Plot No:E 7/8,Saniya Industrial Estate, Vasai-Bhivandi Road, Vasai (East), Thane-401208
Mob:9769435566/9920035566/9890234916
Email:aspchem01@gmail.com//info@aspchem.com
Website:www.aspchem.com

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web :- www.explosivelicenseconsultant.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email : aoneconsultant@yahoo.com. Web : www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

MEET D. PATEL +91 97372 53797
DINESHBHAI R. PATEL +91 98241 45018
MEET
MEET PACKAGING
Manufacturers & Dealers of: All Types of Packing Materials, , HDPE/PP Woven, Sack bags, , UN approval bag, Multi layer Paper bags.
Factory: Plot No. : 215/1, G.I.D.C., PALEJ - 392 220. Phone: (02642) 277027,
Email: meet5228@gmail.com

M.D. PATEL +91 98241 01133
MEGA MACHINERY
Mfg. Of: cGMP Centrifuges
1. Top Discharge Centrifuge
2. Beg Lifting Centrifuge
3. Bottom Discharge Centrifuge
Plot No: A1-5301, Nr. J.P. Industries, Mega Chowkadi, GIDC, Ankleshwar - 393 002
E-mail: sales@megamachineryindia.com | www.megamachineryindia.com

TOTAL SOLUTION CONSULTANCY
We are Provide Services to IT & Non - IT Industries
Nimisha Bhatt
(Mo.: +91 99740 43023, +91 87804 89179)
- Recruitment
- Pre - Employment Checkup
- Training & Development Program
- Compliance Audit
- Liasoning With All Government Bodies
- Monthly Support to HR Function (Monthly Challan, Compliance, Maintain Register, HR Policies & Customizes HR Process Setup)
Email: tsconsultancy4@gmail.com
Address: B/29, Karelibaug Society, B/h. Bright School, VIP Road, Vadodara - 390019

SHIVAM INDUSTRIES
Manufacturing - Repairing - Service
Rajesh Jayswal +91 982 515 2797
Our Product :
- Graphite Heat Exchanger
- Graphite Condenser
- Graphite Reboiler
- Graphite Falling Film Absorber
- Graphite Ejector
- Graphite Evaporator
Email : info@graphite.com
www.graphitehe.com
7- Sarvoday Estate, Opp. Ankhol Bus Stop Nr. Waghodia Cross Road Vadodara (3930019), Gujarat, India

## તંત્રીલેખ

### ઉડતા પંજાબની જેમ ઉડતા ગુજરાત ના બની જાય તે માટે પગલાં લેવાનો સમય આવી ગયો છે.

થોડા વર્ષ પહેલા ઉડતા પંજાબ નામની એક ફિલ્મ બની હતી તેને ખુબ ચર્ચા જગાવી હતી. તેને પંજાબમાં ચાલતા ડ્રગ્સના રેકેટનો પર્દાફાશ કર્યો હતો અને જમીની હકીકત બતાવી હતી. ખુબ મોટા પ્રમાણમાં યુવાનો ડ્રગ્સનો શિકાર બન્યા હતા. આખું પંજાબનું યુવાધન તેનો શિકાર બન્યું હતું તેવું કહીએ તો ચાલે. આ ફિલ્મે જગાડી દીધો.

જો કે ત્યાં સુધીમાં ડ્રગ્સ માફિયાઓ ખૂબ પાવરફુલ બની ચૂક્યા હતા. તેમને બીજા રાજ્યોમાં પણ તેમના પગ પ્રસરી દીધા હતા. ડ્રગ્સ ઘુસાડવાનું આસાન માધ્યમ દરિયાકિનારો છે. પંજાબથી નજીકનો દરિયાકિનારો ગુજરાત છે. પરિણામ સ્વરૂપ ધ્યાનમાં આવ્યું કે ગુજરાત માર્ગે ડ્રગ્સ પ્રસરી રહ્યું છે. ગુજરાતમાંથી અનેક વખત ડ્રગ્સના મોટા જથ્થા પકડવામાં પણ આવ્યા. પરંતુ ધીરે ધીરે ગુજરાતના મોટા શહેરોમાં આ દુષણ પ્રસરવા માંડ્યું. તે અત્યારે નાના શહેરો સુધી તેનું નેટવર્ક પ્રસરી ચૂક્યું છે. ગુજરાતના યુવાનો પણ તેના ભોગ બની રહ્યા છે.

યુવાનો ડ્રગ્સનો શિકાર બનાવ પાછળ બેરોજગારી, આધુનિક દેખાવાનો ભ્રમ, પ્રેમમાં નિરાશા, સારી સંગતનો અભાવ કે કુસંગત, પરિવાર કે સમાજ તરફ વિદ્રોહની ભાવના, હાઈ પ્રોફાઈલ જીવનશૈલીની લાલચ જેવા કારણો જવાબદાર હોય છે.

જે યુવાનો ડ્રગ્સના શિકાર બને છે તેમના કુટુંબની હાલત કફોડી બની જાય છે. તેઓ ખુલીને જાહેર થઇ શકતા નથી. સામાજિક પ્રતિષ્ટનો ડર સતાવે છે. જયારે તેમને ખબર પડે છે કે તેમનો પૂત્ર ડ્રગ્સનો બંધાણી બની ગયો છે ત્યારે ખૂબ મોડું થઇ ગયું હોય છે. ખાસ કરીને હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓ તેનો આસાન શિકાર બનતા હોય છે. કોલ્લેગની આસપાસનો વિસ્તારમાં દલાલો ફરતા હોય છે. તેઓ આસાનીથી તેમને પોતાની જાળમાં ફસાવી લે છે.

જે ડ્રગ્સ પકડાય છે તેમાં મોટાભાગે મોટુંજથ્થો પકડાય છે. નાના દલાલો પકડાતા નથી. વાસ્તવમાં નાના દલાલોને પણ પકડવાની જરૂર છે. તેઓ જ આ ધંધાના પોષણહાર છે. તેમને ખુલ્લા પાડવાની જરૂર છે. યુવાનોને ફસાવવાનું કામ તેઓ કરે છે.

હવે તો એક ડગલું આગળ વધ્યા છીએ. બહારથી દરિયાઈ માર્ગે માલ લાવવાનું કામ ખતરાવાળું હોવાથી કેટલીક ઈન્ડસ્ટ્રીઝમાં તે બનાવવાનું બીડું ઝડપ્યું હોય તેવું લાગે છે. ગુજરાતમાં વારંવાર સમાચાર આવતા રહે છે કે આ ઈન્ડસ્ટ્રીઝમાંથી ડ્રગ બનાવતા ઝડપાયા. તેમાં એટલો જથ્થો હતો. રેકેટ ખુલે તો તેમાં સારા ઉદ્યોગકારો પણ સામેલ હોય. રૂપિયા કમાવાની લાલચમાં તેઓ યુવાનોને બરબાદ કરી રહ્યા છે તેવું જાણતા હોવા છતાં ખચકાતા નથી. તેઓએ કાયદાની છટકબારીઓ કઈ રીતે ઉપયોગ કરવો તેનો આગોતરી તૈયારી કરેલી જ હોય છે. એવું અનુભવાઈ રહ્યું છે કે ગુજરાત તેનું મુખ્ય ઉત્પાદક બની ગયું હોય તેવું અનુભવાઈ રહ્યું છે. આ બંધ થવું જોઈએ.

થોડા વર્ષો પહેલા પાણીની નહેરમાં ઝેરી એફ્લુઅન્ટ ભરેલું એક ટેક્કર ખાલી કરતા પકડાતા ભારે હોબાળો મચી ગયો હતો. ત્યારે પણ સમૂહોની નીતિ એવી હોય છે કે આપણા ભેરુને કઈ રીતે બચાવવો. આ નીતિ ખોટું કરનારને બળ આપે છે. તે બદલાય તો પણ ખોટું કરનારના મનોબળ ઉપર વિપરીત અસર પડી શકે છે અને તે અચકાઈ શકે છે.

એક વ્યક્તિને ડ્રગ્સના દુષણને રોકવાનો ઉકેલ પૂછવામાં આવ્યો તો તેને બહુ માર્મિક રીતે કહ્યું કે દરેક યુવાનને કોઈ ધાર્મિક સંસ્થાન સાથે જોડેલો રાખવો જોઈએ. જે તેને ભટકવા નહીં દે.

ગુજરાત હવે ઉડતા પંજાબની તરફ આગળ વધી રહ્યું છે તેને રોકવા સમયસર પગલાં ભરવા જરૂરી છે. કડક દારૂબંધીના અમલ જેવા પગલાં ના ભરાય તે પણ જોવું રહ્યું.

# મોદી સરકારના મોંઘવારી રોકવાના નિર્ણયોની દુનિયા પર અસર

ગુજરાતના રાજ્ય ચૂંટણી કમિશનર એસ. મુરલીકૃષ્ણે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો કાર્યક્રમ પત્રકારપરિષદ યોજીને જાહેર કર્યો હતો.તેમણે આપેલી માહિતી અનુસાર રાજ્યમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાની કેટલીક બેઠકો પર ચૂંટણી યોજાવા જઈ રહી છે.સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ મામલે રાજ્ય સરકારે જાહેર કરેલા પરિપત્રમાં આપેલી માહિતી અનુસાર રાજ્યની જૂનાગઢ મહાનગરપાલિકા, ૬૬ નગરપાલિકા, કઠલાલ, કપડવંજ અને ગાંધીનગર તાલુકા પંચાયતોમાં સામાન્ય ચૂંટણી, બોટાદ-વાંકાનેર નગરપાલિકાની મધ્ય સત્ર ચૂંટણી ટૂંક સમયમાં યોજાશે.આ ઉપરાંત સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની પ્રસંગોપાત ખાલી પડેલ મહાનગરપાલિકાઓની ત્રણ બેઠકો, નગરપાલિકાની ૨૧ બેઠકો, જિલ્લા પંચાયતની નવ બેઠકો અને તાલુકા પંચાયતની ૯૧ બેઠકો પર પેટાચૂંટણીનો કાર્યક્રમ પણ રાજ્ય ચૂંટણીપંચે જાહેર કર્યો હતો.એસ. મુરલીકૃષ્ણે કહ્યું હતું કે ચૂંટણી જાહેરાત થયાની તારીખ એટલે કે મંગળવારથી રાજયમાં જયાં જયાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાવાની છે ત્યાં આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે.તેમણે જણાવ્યું હતું કે, રાજયમાં કુલ ૧૭૦ સંસ્થામાં ચૂંટણી યોજાવાની છે. જેમાં કુલ વૉર્ડ ૬૯૬ છે, અને બેઠકોની સંખ્યા ૪,૩૯૦ છે.સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાનમથકોની સંખ્યા અનુક્રમે ૧,૦૩૨ અને ૨૪૪ છે. ચૂંટણીપ્રક્રિયા માટે કુલ ૨૫ હજાર પોલીસજવાનોને તહેનાત કરાશે.ગુજરાતમાં વર્ષ ૨૦૨૫ની પ્રથમ કેબિનેટ બેઠકમાં ગુજરાત સરકારે બનાસકાંઠામાંથી નવો જિલ્લો ‘વાવ-થરાદ‘ બનાવવાની સાથે રાજયમાં નવ નવી મહાનગરપાલિકા બનાવવાની પણ જાહેરાત કરી હતી.આ જાહેરાત પહેલાં રાજ્યમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, જામનગર અને ગાંધીનગર-એમ કુલ આઠ મ્યુનિસિપલ કૉર્પોરેશન હતાં.જેમાં ઉમેરો કરીને નવસારી, મોરબી, સુરેન્દ્રનગર, વાપી, આણંદ, મહેસાણા, પોરબંદર અને નડિયાદ આમ કુલ નવ નવાં મ્યુનિસિપલ કૉર્પોરેશન બનાવવાની જાહેરાત કરી હતી.આ અગાઉ ૨૦૦૨માં જૂનાગઢ મ્યુનિસિપલ કૉર્પોરેશન અને ૨૦૧૦માં ગાંધીનગર કૉર્પોરેશનની રચના થઈ હતી.

નવી મહાનગર પાલિકાઓની જાહેરાતની સાથે જ તેની હદમાં આવતી તમામ ગ્રામપંચાયતો તથા નગરપાલિકાની ચૂંટાયેલી પાંખને વિખેરી દેવામાં આવી હતી અને જે-તે જિલ્લાના કલેક્ટરને તેનો વહીવટ સોંપી દેવાયો હતો. સરકારે નવી મ્યુનિસિપલ કૉર્પોરેશનોના કમિશનરોનાં નામ પણ જાહેર કરી દીધાં હતાં.ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી જાહેર થતાંની સાથેજ દિલ્હીમાં કૉંગ્રેસ સાથે ગઠબંધન તોડનાર આમ આદમી પાર્ટીએ ગુજરાતમાં જાહેરાત કરી કે જો કૉંગ્રેસ તૈયાર હોય તો તેમની પાર્ટી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં તેમની સાથે ગઠબંધન કરવા તૈયાર છે.એટલું જ નહીં આમ આદમી પાર્ટીએ તો દાવો કર્યો કે તેમણે માંગરોળ નગરપાલિકાની ચૂંટણીમાં કૉંગ્રેસ સાથે ગઠબંધન પણ કરી લીધું છે તથા રાજયમાં વિવિધ જગ્યાએ વાતચીત ચાલુ છે.કૉંગ્રેસે આપની આ વાતનો જવાબ તો નથી આપ્યો પરંતુ રાજકીય પંડિતોનું માનવું છે કે જો આપ અને કૉંગ્રેસ મળીને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી લડે તો મતોનું વિભાજન થતું અટકે.કેટલાક જાણકારોનું પણ કહેવું છે કે સુરત સિવાય આપ ક્યાંય મજબૂત દેખાતી નથી તેથી તેણે આ ચૂંટણીમાં કૉંગ્રેસના ‘હાથ‘નો સાથ માગ્યો છે.ગુજરાત વિધાનસભાની ૨૦૨૨ની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી અને કૉંગ્રેસ અલગ-અલગ ચૂંટણી લડ્યાં હતાં. જેને કારણે મતોનું વિભાજન થયું હતું અને પરિણામે કૉંગ્રેસ માત્ર ૧૭ બેઠકો જ જીતી શકી હતી, આપે પાંચ બેઠકો જીતી હતી.લોકસભામાં બંને પાર્ટીએ ગઠબંધન કર્યું પરંતુ તેનો મોટો ફાયદો કૉંગ્રેસને થયો નહોતો.હવે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આપે અને કૉંગ્રેસે ગઠબંધન તોડીને આમને-સામને ચૂંટણી લડવાનું ઍલાન કર્યું છે. બંને પાર્ટીના નેતાઓ એકબીજા સામે ગંભીર આરોપ-પ્રત્યારોપ લગાવી રહ્યા છે.એક તરફ દિલ્હીમાં બંને પાર્ટી વચ્ચે ગઠબંધન તૂટી જવા પામ્યું છે પરંતુ અહીં ગુજરાતમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ નિવેદન આપતાં કહ્યું કે ‘તેઓ ભાજપને હરાવવા ગુજરાતમાં કૉંગ્રેસ સાથે ગઠબંધન કરવા તૈયાર છે.ઈસુદાન ગઢવીએ એક પ્રેસનોટ મારફતે મીડિયાને જણાવ્યું કે ‘તેમની પાર્ટીએ માંગરોળ નગરપાલિકામાં કૉંગ્રેસ સાથે મળીને ચૂંટણી લડવાનું નક્કી કર્યું છે. અને તેના માટે તેમણે કૉંગ્રેસ પાર્ટી સાથે ગઠબંધન કર્યું છે.ઈસુદાન ગઢવી આ પ્રેસનોટમાં જણાવે છે, અન્ય કેટલીક જગ્યાએ પણ ગઠબંધન માટે પ્રસ્તાવો મળ્યા છે પરંતુ કેટલીક જગ્યાએ બેઠકોની વહેંચણીને લઈને અસમંજસ છે.જોકે, ઈસુદાન ગઢવીના આ પ્રેસ નિવેદન મામલે કૉંગ્રેસે કોઈ ફોડ પાડ્યો નથી.કૉંગ્રેસના પ્રવક્તા ડૉ. હેમાંગ વસાવડાએ જણાવ્યું કે તેમને માંગરોળ નગરપાલિકામાં આ પ્રકારનું કોઈ ગઠબંધન થયું હોય તેની જાણ નથી.આમ આદમી પાર્ટીના પ્રવક્તા કૈલાશ ગઢવીએ કહ્યું કે અમે કૉંગ્રેસને સામેથી કહ્યું છે કે મતોનું વિભાજન ન થાય તે માટે અને ભાજપને હરાવવા માટે કૉંગ્રેસ અને આપ વચ્ચે ગઠબંધન કરવું જોઈએ.

કૈલાશ ગઢવીએ દિલ્હીની ચૂંટણીમાં ગઠબંધન તૂટ્યા બાદ તેમના હાઈકમાન્ડે સ્થાનિક કક્ષાએ ચૂંટણી લડવા માટે ગઠબંધન કરવાની મૌખિક મંજૂરી આપી હોવાની વાત પણ કરી.મોવડીમંડળનો આદેશ આવ્યા પછી ઔપચારિક જાહેરાત કરાશે. પરંતુ હાલ અમે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં ગઠબંધન થાય તેવા પ્રયાસો કરી રહ્યા છે.તેમનું કહેવું હતું કે જો આ ગઠબંધન થાય તો વર્ષ ૨૦૨૭ની જે વિધાનસભાની ચૂંટણી થવાની છે તેમાં પણ બંને પાર્ટી વચ્ચે તાલમેલ બનેલો રહે.કૉંગ્રેસ તરફથી આ મામલે વધારે ફોડ પાડવામાં નથી આવ્યો. પરંતુ તેના પ્રવક્તાનું કહેવું છે કે આપ લોકસભાની ચૂંટણી પછી અલગ રસ્તે જાય છે તેવામાં કૉંગ્રેસ અને તેના મતદાતાઓ માટે મૂંઝવણ પેદા થાય છે.કૉંગ્રેસના પ્રવક્તા ડૉ. હેમાંગ વસાવડાએ કહ્યું, અમે પાર્ટીના હાઈકમાન્ડને કહ્યું છે કે જો ગઠબંધન કરવું હોય તો કાયમી કરો. ચૂંટણી માટે જ ગઠબંધન કરીને પછી અલગ થઈ જવાનું હોય તો કૉંગ્રેસના મતદાતાઓ મૂંઝવણમાં મૂકાય છે.૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પછી આપનો રસ્તો બદલાઈ ગયો છે. બંને સાથે લડે તો ફાયદો ચોક્કસ થાય, પણ ગઠબંધન કાયમી ન હોય તો આવનારી વિધાનસભાની ચૂંટણીમાં કૉંગ્રેસને નુકસાન થઈ શકે છે.ભાજપનું આ મામલે કહેવું છે કે ભૂતકાળમાં પણ ગુજરાતમાં વિવિધ જગ્યાએ કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ ગઠબંધનના પ્રયોગો કર્યા છે પરંતુ તે સફળ થયા નથી.ભાજપના પ્રવક્તા ડૉ. યજ્ઞેશ દવેએ જણાવ્યું કે જો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં પણ તેમની વચ્ચે ગઠબંધન થાય તો તેઓ સફળ નહીં થાય.પહેલા તો પ્રજાના આશિર્વાદ અમારી સાથે છે. ગુજરાતની પ્રજાએ અમને હંમેશા આવકારો આપ્યો છે. આમ આદમી પાર્ટી અને કૉંગ્રેસ વચ્ચે જો ગઠબંધન થશે તો પણ તેમને પ્રજા જાકારો આપશે, કારણકે પ્રજા તેમને ઓળખે છે.ભૂતકાળમાં પણ આ બંને પાર્ટીએ ગઠબંધન કર્યું છે પરંતુ તેઓ સફળ થયા નથી. ભાજપ જ હરહંમેશની માફક આ ચૂંટણીમાં પણ જીતશે તેવો અમને દઢ વિશ્વાસ છે.જાણીતા રાજકીય વિશ્લેષકે કહ્યું કે ૨૦૨૧માં મહાનગરપાલિકાની ચૂંટણી હોય કે ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી, આપના અલગ લડવાને કારણે કૉંગ્રેસના પરંપરાગત વોટનું વિભાજન જરૂરથી થયું છે. કેટલીક બેઠકો એવી છે કે આપ અને કૉંગ્રેસના મતોનો સરવાળો કરીએ તો તે બેઠક ભાજપના હાથમાંથી જાય તેમ હતી.ગઠબંધનથી મતોનું વિભાજન જરૂરથી રોકી શકાય. તેમનું એવું પણ કહેવું હતું કે મહાનગરપાલિકાની ચૂંટણીમાં સુરત ખાતે આપને ફાયદો થયો પછી ૨૦૨૨ની વિધાનસભાની બેઠકમાં પણ આપને કારણે કૉંગ્રેસને ઘણું નુકસાન વેઠવું પડ્યું.૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી પછી આપનું સંગઠન નિષ્ક્રિય જેવું રહ્યું છે. હવે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી આવી છે એટલે આપના નેતાઓ સક્રિય થયા છે.સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં તેમનું સંગઠન નબળું પડ્યું છે. તેથી દિલ્હીમાં કૉંગ્રેસના હાથ સાથે હાથ ન મિલાવનાર આપ હવે ગુજરાતમાં ગઠબંધનની વાત કરે છે.દેખાડા પૂરતું ગઠબંધન તેમને ફાયદો ન કરાવી શકે.લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાં ગઠબંધન થયું હતું. કૉંગ્રેસે આપને ભાવનગર અને ભરૂચની બેઠક આપી હતી. પરંતુ અહીં આપના ઉમેદવારને ટેકો આપવામાં કૉંગ્રેસના કાર્યકર્તાઓ અને મતદાતાઓ મૂંઝવણ અનુભવતા હતા. સુરતની બેઠક પર જ્યાં આપ થોડું મજબૂત મનાતું હતું તે બેઠક કૉંગ્રેસને ફાળવવામાં આવી અને તે બેઠક પર તો ભાજપે ચૂંટણી પહેલાં જ જીત મેળવી લીધી.સુરત સિવાય બાકીની ૨૫ બેઠકો પર આપ અને કૉંગ્રેસના કાર્યકર્તાઓ વચ્ચે કોઈ તાલમેલ નહોતો. જે બતાવે છે કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીમાં ગઠબંધનની જરૂર આપને વધારે છે. કારણકે આપનું સંગઠન હવે વિખેરાઈ ગયું છે.જો બંને વચ્ચે ગઠબંધન થાય તો આ ગઠબંધન કૉંગ્રેસને નહીં પરંતુ આપને વધારે ફાયદાકારક રહેશે.હજુ ગામડાંઓમાં કૉંગ્રેસનો બેઝ છે. ત્યારે મતોનું વિભાજન આટકાવવા માટે કૉંગ્રેસ-આપ વચ્ચે ગઠબંધન જરૂરી છે. પરંતુ લાગે છે કે તેનાથી કૉંગ્રેસને ટૂંકાગાળાનો જરૂર ફાયદો થશે જ્યારે કે લાંબા ગાળે નુકસાન જશે. આ ગઠબંધનથી કૉંગ્રેસને ફાયદો નહીં થાય માત્ર આપને જ થશે.જાણીતા રાજકીય વિશ્લેષકે પણ આ જ વાત કરતાં કહ્યું, કૉંગ્રેસ ભલે વેરવિખેર હોય પરંતુ ગામડાંમાં તેમની વોટબૅન્કની પકડ મજબૂત છે.તેઓ કહે છે કે લોકસભાની ચૂંટણીમાં કૉંગ્રેસનો વોટશૅર વર્ષ ૨૦૨૯ની સરખામણીએ વર્ષ ૨૦૨૪માં ૧.૩૪% ઘટ્યો છે.તેમના મત પ્રમાણે વર્ષ ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી વખતે આપનું પ્રદર્શન સૌરાષ્ટ્રમાં સારૂં રહ્યું હતું.









# હિંદુ રાષ્ટ્રના બંધારણનું મહાકુંભમાં વસંત પંચમીના દિવસે અનાવરણ

પ્રયાગરાજ : અખંડ હિંદુ રાષ્ટ્રનું પ્રથમ બંધારણ બનીને તૈયાર થઈ ચૂક્યુંછે. મહાકુંભમાં ત્રણ ફેબ્રુઆરીના રોજ વસંત પંચમી પર્વે દેશની જનતા સમક્ષ તે બંધારણ મૂકવામાં આવશે. ઉત્તર અને દક્ષિણ ભારતના ૨૫ વિદ્વાનોએ ૧૨ મહિના અને ૧૨ દિવસમાં હિંદુ રાષ્ટ્રનું બંધારણ તૈયાર કર્યું છે. ચારેય પીઠના શંકરાચાર્યની સહમતી મળ્યા પછી તે બંધારણને કેન્દ્ર સરકારમાં પણ મોકલવામાં આવશે. ૫૦૧ પાનાનું બંધારણ વસુધૈવ કુટુંબકમની ભાવના સાથે રામરાજ્ય કૃષ્ણ રાજ્ય, મનુસ્મૃતિ અને ચાણક્ય અર્થશાસ્ત્ર આધારે તૈયાર કરવામાં આવ્યુંછે.

હિંદુ રાષ્ટ્ર બંધારણ નિર્માણ સમિતિમાં ઉત્તર ભારતના ૧૪ અને દક્ષિણ ભારતના ૧૧ વિદ્વાનો સામેલ છે. સમિતિએ ધર્મશાસ્ત્રની સાથોસાથ રામરાજ્ય, કૃષ્ણ રાજ્ય, મનુસ્મૃતિ અને ચાણક્યના અર્થશાસ્ત્રનો અભ્યાસ કરીને હિંદુ રાષ્ટ્રનું બંધારણ તૈયાર કર્યું છે. બંધારણ સમિતિમાં કાશી હિંદુ વિશ્વવિદ્યાલય, સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, કેન્દ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય વિદ્વાનોનો સમાવેશ કરેલ છે. બંધારણ સમિતિના સંરક્ષક શાંભવી પીઠાધીશ્વર સ્વામી આનંદ સ્વરૂપ મહારાજે જણાવ્યું કે વર્ષ ૨૦૩૫ સુધીમાં હિંદુ રાષ્ટ્રની જાહેરાતનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. હિંદુ રાષ્ટ્ર પ્રથમ બંધારણને આધારે દેશ ગણરાજ્ય કે પ્રજાકીય કહેવાય. આપણે વસુધૈવ કુટુંબકમ અને સર્વ ભવન્તુ સુખિનઃ સૂત્રના મૂલ્યોમાં માન્યતા ધરાવીએ છીએ. આ બંને મૂલ્યોને બંધારણના મૂળમાં રાખવામાં આવ્યા છે. ચૂંટણી આધારે જ દેશના પ્રમુખની ચૂંટણી થશે. આ બંધારણ દેશમાં આવી રહેલા અન્ય ધર્મના અનુયાયીઓ વિરુદ્ધ નથી. અહીં તમામને રહેવાનો અધિકાર છે, પરંતુ રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરનાર સામે કડક દંડકીય જોગવાઈ છે. બંધારણ નિર્માણ સમિતિના અધ્યક્ષ ડૉ.કામેશ્વર ઉપાધ્યાયે કહ્યું કે હિંદુ રાષ્ટ્રમાં દરેક નાગરિક માટે સૈનિક શિક્ષણ ફરજિયાત રહેશે. હિંદુ રાષ્ટ્રમાં વર્તમાન કરવેરા સિસ્ટમ નહીં હોય. કૃષિ ને સંપૂર્ણ કરમુક્ત કરી દેવાશે. પરંતુ ચોરી પર કઠોર દંડની જોગવાઈ હશે. શાંભવી પીઠાધીશ્વર આનંદ સ્વરૂપે કહ્યું કે ભારતના વર્તમાન બંધારણમાં અત્યારસુધીમાં ૩૦૦ વાર સુધારા થઈ શક્યા ચૂક્યા છે. તેમણે કહ્યું કે હિંદુ રાષ્ટ્ર બનાવવા માટે વિશ્વભરના દેશોને અપીલ પણ કરવામાં આવશે. તેમને આ દિશામાં સહયોગ કરવા કહેવામાં આવશે. વિશ્વમાં ખ્રિસ્તીઓના ૧૨૭, મુસ્લિમોના ૫૭ અને બૌદ્ધના ૧૫ દેશ છે. એટલે સુધી કે યહૂદીઓનો પણ ઇઝરાયલ જેવો એક દેશ છે. વિશ્વમાં હિંદુઓની વસ્તી પોણા બે અબજ છે. પરંતુ તેનો એક પણ દેશ નથી. બંધારણની જોગવાઈ વિશે સંસદને હિંદુ ધર્મ સંસદ નામ અપાશે તમામ સંસદીય ક્ષેત્રમાંથી એક ધર્મ સાંસદ ચૂંટશે. સમગ્ર દેશમાંથી ૫૪૩ ધર્મસાંસદો ચૂંટાશે. ધર્મ સાંસદ માટે લઘુતમ વયમર્યાદા ૨૫ અને મતદાન માટે લઘુતમ વયમર્યાદા ૧૬ વર્ષની રહેશે.

## રાજકોટ ખાતે લઘુ ઉદ્યોગ ભારતીનો ૨ થી ૫ ફેબ્રુઆરી દરમ્યાન ઈન્ડસ્ટ્રીઅલ એક્સ્પો યોજાશે

લઘુ ઉદ્યોગ ભારતી

રાજકોટના એન.એસ.આઈ.સી. ગ્રાઉન્ડ ખાતે લઘુ ઉદ્યોગ ભારતીના સૌરાષ્ટ્ર સંભાગ દ્વારા તારીખ ૨ થી ૫ ફેબ્રુઆરી દરમ્યાન ઈન્ડિયા ઈન્ડસ્ટ્રીઅલ એક્સ્પો-૨૦૨૫ યોજાનાર છે.

આ એક્સ્પોમાં ૩૫૦ કરતા વધુ સ્ટોલ છે. જેમાં ૧૦૦૦ કરતા વધુ પ્રોડક્ટ હશે અને ૮૦,૦૦૦ જેટલા વિઝીટર્સ આવવાની સંભાવના છે. એક્સ્પોનો સમય સવારે ૧૦ વાગ્યાથી ૬ વાગ્યા સુધીનો છે. પ્રવેશ નિ:શુલ્ક છે.

## ઝાયડસ લાઈફ સાયન્સના વડા પંકજ પટેલને પદ્મભૂષણથી સન્માન



ઝાયડસ લાઈફ સાયન્સ ના વડાચેરમેન પંકજ પટેલનું પદ્મભૂષણથી સન્માન કરવામાં આવ્યું છે. દેશની પાંચમા ક્રમની સૌથી મોટી ફાર્માસ્યુટિકલ કંપની ઝાયડસ લાઈફ સાયન્સ નું તેઓ સંચાલન કરે છે. તેઓ ૧૯૭૬માં તેમના પિતાના વ્યવસાયમાં જોડાયા હતા. તેમનો જન્મ ૧૬ માર્ચ ૧૯૫૩માંકરમસદમાં થયો હતો. ફોર્બ્સની યાદી મુજબ તેમની નેટવર્થ લગભગ ૧૦૦૦ કરોડ થવા જાય છે.

પંકજ પટેલ આઈઆઈએમ અમદાવાદના બોર્ડના ચેરમેન પણ રહી ચૂક્યા છે. તેમની કંપની વિશ્વના ૫૫ દેશોમાં કાર્યરત છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના સેન્ટ્રલ બોર્ડમાં પણ તેમની નિમણૂક કરાઈ છે. અમદાવાદ સ્થિત એલ.એમ. ફાર્મસી કોલેજમાં અભ્યાસ બાદ તેઓ કંપનીમાં જોડાયા હતા. પંકજ પટેલ ઝાયડસ હોસ્પિટલ ના નેજા હેઠળ અમદાવાદ અને દાહોદમાં સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ ધરાવે છે. દાહોદમાં મેડિકલ કોલેજ પણ ચાલે છે. ૨૦૨૪માં ફોર્બ્સ દ્વારા બહાર પાડવામાં આવેલી દેશના ટોચના ૧૦૦ શ્રીમંતોની યાદીમાં તેઓ ૨૪મા ક્રમે હતા. પંકજ પટેલ આચાર્ય પી.સી. રે મેમોરિયલ ગોલ્ડ એવોર્ડ સહિતના અનેક એવોર્ડ મળી ચૂક્યા છે. તેમના ૧૦૦થી વધુ રિસર્ચ પેપર પ્રસિદ્ધ થયા છે અને ૬૪થી વધુ પેટન્ટના તેઓ સહશોધક છે. લખનઉની ડૉ. એ.પી.જે. કલામ ટેકનિકલ યુનિવર્સિટીએ તેમને ડી.એસ.સી.ની માનદ્ પદવી પણ એનાયત કરી છે.

## પાટણ જિલ્લાના સંડેર ખાતે ખોડલધામની ભવ્ય શિલાપૂજન વિધિ યોજાઈ

ઉત્તર ગુજરાતના પ્રથમ અને ગુજરાતમાં દ્વિતીય ખોડલધામ મંદિર ની તારીખ ૨૨મી જાન્યુઆરીએ શીલા પૂજન વિધિ યોજાઈ હતી. પાટણ જિલ્લાના સંડેર ખાતે રૂપિયા ૩૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ખોડલધામ મંદિર પરિસર માટે ૧૦૦૮ શીલાઓની પૂજન વિધી કરવામાં આવી હતી. આ પ્રસંગે ખોડલધામ ટ્રસ્ટ દ્વારા શિક્ષણ, આરોગ્ય અને સામાજિક કાર્યો માટે રાજ્યભરમાં કુલ છ સ્થળે ખોડલધામ સંકુલનું નિર્માણ કરવા માટેનું આયોજન હોવાનું ખોડલધામના ટ્રસ્ટી જણાવ્યું હતું.

સંડેર ખાતે ઉત્તર ગુજરાતના પાટણ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી અને ગાંધીનગર જિલ્લાના ૨૫૦ જેટલા ગામોમાંથી અને સૌરાષ્ટ્રમાંથી મોટા પ્રમાણમાં પાટીદારો આ શિલાપૂજન વિધિમાં જોડાયા હતા. જેમાં ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખ સહિતના ટ્રસ્ટી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શિલાન્યાસ પ્રસંગે ટ્રસ્ટીએ જણાવ્યું હતું કે, ૨૦૧૭માં કાગવડ ખાતે શ્રી ખોડલધામ મંદિરની પ્રાણ પતિષ્ઠા કરવામાં આવી હતી. લેઉવા પટેલ સમાજ સમગ્ર ગુજરાતમાં પથરાયેલો છે ત્યારે ટ્રસ્ટી મંડળ નિર્ણય લઈને સમગ્ર ગુજરાતના લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ ની હૂંફ મળે તે માટે ઉત્તર ગુજરાતના સંડેર ગામની બીજા શ્રી ખોડલધામ મંદિર નિર્માણ માટે પસંદગી કરવામાં આવી. ત્યારે આજે મા ખોડલની આશીર્વાદથી આપણે સૌ શિલા પૂજન મહોત્સવના સહભાગી બન્યા છીએ. ખુશીની વાત એ છે કે દક્ષિણ ભારતમાં વસતા લેઉવા પટેલ સમાજે પણ દક્ષિણ ભારતમાં ખોડલધામ સંકુલ બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ઉલ્લેખનીય છે કે, આ પ્રસંગે દાન કરનાર તમામ દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.



# અમેરિકામાં કેન્સર થવાના જોખમને લઈને રેડ ડાઈ-૩ પર પ્રતિબંધ મૂકાયો

અમેરિકાએ તાજેતરમાં ખાદ્ય પદાર્થો અને પેય પદાર્થોમાં ઉપયોગમાં લેવાના એક સિન્થેટિક રંગ ' રેડ ડાઈ -૩' પર પ્રતિબંધ લગાવી દીધો છે. તે સિન્થેટિક રંગને રેડ નંબર-૩ પણ કહેવામાં આવે છે. મીઠા પદાર્થોને ચમકદાર લાલ રંગનો ઓપ આપવા તે સિન્થેટિક રંગનો ઉપયોગ થયો હોય છે. ખાસ કરીને બાળકોની ચોકલેટ, કેન્ડી, કેક અને આઈસ્ક્રીમમાં તેનો વધારે ઉપયોગ થાય છે.

રેડ ડાઈ-૩નો ઉપયોગ કેન્સરના ખતરાને વધારતો હોવાનું ધ્યાને આવતાં તેના વિરુદ્ધ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. પ્રયોગશાળામાં થયેલા અભ્યાસમાં સામે આવ્યું છે કે આ લાલ રંગ ઉંદરો માટે કેન્સરનું કારણ બની શકે છે. અમેરિકી કાયદા મુજબ કોઈપણ પદાર્થ અને કેન્સરને સંબંધ હોય તે પદાર્થ પર પ્રતિબંધ મૂકવો અનિવાર્ય છે. સંશોધકોના ધ્યાને આવ્યું છે કે બાળકોના આરોગ્ય માટે તે ખતરારૂપ છે. ખાસ કરીને કેન્ડી, કેક, કોસ્ટિંગ, કેટલીક દવાઓમાં તે રંગનો ઉપયોગ થતો હોય છે. સેન્ટર ફોર સાયન્સ ઈન ધ પબ્લિક ઈન્ટરેસ્ટ જેવા સંગઠનો લાંબા સમયથી સિન્થેટિક રંગ વિરુદ્ધ અવાજ ઉઠાવી ચૂક્યા છે. તેમનું કહેવું છે કે બાળકોના આરોગ્યને બચાવવા માટે આ સિન્થેટિક રંગ પરતાત્કાલિક પ્રતિબંધ મૂકવો જોઈએ. બીબીસી અહેવાલ મુજબ એકડીએ ના પ્રમુખ ડૉ.પીટર લારીએ કહ્યું કે લિપસ્ટિકમાં રેડ-૩નો ઉપયોગ પહેલેથી જ ગેરકાયદે હતો. પરંતુ હવે બાળકો માટેના ખાદ્ય પદાર્થોમાં થતા રેડ -૩ના ઉપયોગને પણ પ્રતિબંધિત કરવામાં આવે છે.

એક ધારણા અનુસાર આશરે ૧૦૦૦૦ જેટલી પ્રોડક્ટોમાં આ કલરનો ઉપયોગ થાય છે. તેને નાબૂદ કરવા ઉત્પાદકોને ૧૫ જાન્યુઆરી ૨૦૨૭ અને ૧૮ જાન્યુઆરી ૨૦૨૮ સુધીનો સમય આપવામાં આવ્યો છે.

આ ઉપરાંત આયાત ઉપર પણ આ નિયમ લાગુ પડશે જેથી ભારતમાંથી અમેરિકામાં એને લગતી પ્રોડક્ટો નિકાસ થતી હશે તેની ઉપર પણ અસર થશે.

# દહેજ PCPIR ની એફલુઅન્ટ વહન કરનાર પાઈપલાઈનના બદલેલ માર્ગ અને બદલેલ ડિસ્ચાર્જ પોઈન્ટની CRZ તરફથી પર્યાવરણ મંજૂરી

જીઆઈડીસી તરફથી દહેજ PCPIR ની એફલુઅન્ટ વહન કરનાર પાઈપલાઈનના બદલેલ માર્ગ અને બદલેલ ડિસ્ચાર્જ પોઈન્ટની CRZ તરફથી પર્યાવરણ મંજૂરી મળી ગઈ છે.

જેથી હવે ઝડપથી કાર્ય થશે તેવી આશા રાખી શકાય.

જેમાં CRZ રેણીએરિયા ની બહાર સમ્પ, 90 MLD માટેનું પમ્પીંગ સ્ટેશન, 180 ML ની ક્ષમતાનો ગાર્ડ પોન્ડ બનાવવાનો રહેશે.

આ પ્રોજેક્ટની કિંમત ૧૯૭.૭૧ કરોડ રૂપિયા અંદાજવામાં આવી છે.

# ONGC અંકલેશ્વર એસેટ ખાતે ૭૬મા પ્રજાસત્તાક દિવસ ૨૦૨૫ની ઉજવણી

ONGC અંકલેશ્વર એસેટ દ્વારા ભારતના ૭૬મા પ્રજાસત્તાક દિવસની ખૂબ જ ઉત્સાહ અને દેશભક્તિના ભાવ સાથે ઉજવણી કરવામાં આવી હતી. એકતા, લોકશાહી અને રાષ્ટ્રીય પ્રગતિ અને ઉર્જા સુરક્ષા માટે સંસ્થાની પ્રતિબદ્ધતાની ભાવનાને પ્રતિબિંબિત કરતી શ્રેણીબદ્ધ પ્રવૃત્તિઓ દ્વારા આ ઈવેન્ટ ચિહ્નિત કરવામાં આવી હતી.

ઉજવણીની શરૂઆત એસેટ મેનેજર શ્રી. જે.એન. સુકનંદન. જેમ જેમ ત્રિરંગો ફરકાવ્યો તેમ, હવા રાષ્ટ્રગીત સાથે ગુંજી ઉઠી, દેશભક્તિ અને ગૌરવની ઊંડી લાગણી જગાડતી. સમારોહમાં વરિષ્ઠ અધિકારીઓ, કર્મચારીઓ, સામૂહિકના પ્રતિનિધિઓ અને OOMS, CISF, SRPF, કેન્દ્રીય વિદ્યાલય અને શિશુ વિહારના સભ્યોની સહભાગિતા જોવા મળી હતી.

ઈવેન્ટમાં ONGCના ચેરમેન અને સીઈઓ દ્વારા સંબોધનનું લાઈવ વેબકાસ્ટ પણ દર્શાવવામાં આવ્યું હતું. અરુણ કુમાર સિંહ, પ્રજાસત્તાક દિવસના મહત્વ અને રાષ્ટ્ર નિર્માણમાં ONGCની ભૂમિકા પર ભાર મૂકે છે.

તેમના સંબોધનમાં એસેટ મેનેજર જે.એન. સુકાનંદને ભારતીય બંધારણના ઘડવૈયાઓ અને અસંખ્ય સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી જેમણે સાર્વભૌમ, લોકશાહી અને પ્રગતિશીલ ભારતનો પાયો નાખ્યો.

આ ઉજવણીમાં કેન્દ્રીય વિદ્યાલય, CISF, SRPF, ONGC ફાયર સર્વિસ, ONGC સુરક્ષા સેવાઓ અને કરાર આધારિત સુરક્ષા કર્મચારીઓની ટુકડીઓ દ્વારા પ્રભાવશાળી માર્ચ પાસ્ટનો સમાવેશ થાય છે.



તેમનું શિસ્તબદ્ધ પ્રદર્શન પ્રતિબદ્ધતા, ટીમ વર્ક અને રાષ્ટ્રીય ફરજની ભાવનાનું પ્રતીક છે.

સાંસ્કૃતિક કાર્યક્રમોની શ્રેણીમાં ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર વારસાને દર્શાવવામાં આવ્યા હતા, જેમાં વિવિધતામાં એકતાના મૂલ્યોને પ્રકાશિત કરવામાં આવ્યા હતા.

ONGC અંકલેશ્વર એસેટ ખાતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી રાષ્ટ્રીય વિકાસ માટે સંસ્થાના અતૂટ સમર્પણના પુરાવા તરીકે ઊભી થઈ. આ ઘટનાએ માત્ર ગર્વની ભાવના જ નહીં પરંતુ આત્મનિર્ભર અને સમૃદ્ધ ભારતના વિઝનને સાકાર કરવા માટે સામૂહિક પ્રયાસના મહત્વને પણ મજબૂત કર્યું.

ONGC એ ભારતના ઉર્જા ક્ષેત્રમાં નિર્ણાયક ભૂમિકા ભજવવાનું ચાલુ રાખ્યું હોવાથી, પ્રજાસત્તાક દિવસની ભાવના નિઃશંકપણે તેના કર્મચારીઓને પડકારોને પહોંચી વળવા અને રાષ્ટ્રના વિકાસ અને પ્રગતિમાં અર્થપૂર્ણ યોગદાન આપવા પ્રેરણા આપશે.


II कौशल्यं श्रेष्ठबलं तदैव राष्ट्रस्य उत्थानकारणम् I

HMP
VOCATIONAL TRAINING INSTITUTE
Govt, Approved "SKILL INDIA,"
Affiliated, through E.V.I.
"SKILL INDIA"- CERTIFICATE IS VALID FOR GOVT, JOB, ALSO.
[SUPPORTED & GUIDANCE BY – L&T]
ADMISSION OPEN

| Sr No | TRADE | QUALIFICATION | AGE LIMIT |
|---|---|---|---|
| {1} | AOCP | Std.12,or ITI/ Dip. Pass/Fail | 16 to 30 years |
| {2} | ELECTRICIAN | Std.10, pass. or ITI/DEE/Pass/Fail | 16 to 30 years |
| {3 } | FITTER | Std.9, pass or ITI/DME/Pass/Fail | 16 to 30 years |

CONTACT:- PRINCIPAL HMP VTI - KHAROD.- MOB. No.9687810005/6355217329
..NH-8, - GIDC Panoli, Kharod, Nr. Public school...

PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

TRA
T. R. ASSOCIATES
T. R. ASSOCIATES AND ENVIRONMENT PVT. PTD.
Formerly Known as (T.R. ASSOCIATES)
Environment Consultant (NABET Consultant)
Environmental Clearance (MoEF & CC/SEAC)
Environmental Impact Assessment Report Preparation
NABL Approved Testing Laboratory (Air/Water/Soil/Noise)
T. R. Patel (Director) +91 98253 71099
Malav Dalwadi (CEO) +91 92658 26814
E-mail: adm.trassociates@gmail.com
A-401, S.G. Business Hub, Between Sola Bhagwat & Gota Overbridge, S.G. Highway, Ahmedabad

SOUTH INDIA ROADWAYS ANK.
KAUSHIK PACKERS & MOVERS
Add: R-15, Bhavana Farm, Rajpipla Road, Ankleshwar- 393 002
E-mail: kaushik.vapi@gmail.com, Web: www.kaushikpackersandmovers.in
Customer Care: 02646 312288
98244 21113 93779 61211
98245 02113 93740 26633
TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
SERVICE
TRANSPORTATION, PACKING, UNPACKING, LOADING, UNLOADING, INSURANCE, LOCAL SHIFTING, OFFICE SHIFTING, CAR CARRIER & ESCORT FACILITY ALL OVER INDIA
DOOR TO DOOR SERVICE
Specialist for: 20,32,40,feet Container Auto Carriers & ODC Suppliers for all over India

Vipul Gothi : 96194 20414
Kaushal Patel : 86525 66134
KRISHNA TRADING
PNEUMATIC HYDRAULIC & PROCESS INSTRUMENTATION
Bass S.S. M.S., Fittings & Hydraulic Type Tube Fittings, Q.R.C., Manifold & all type Valves.
Solenoid Valve, FRL, Push Fitting, Cylinder, Pu-Tube, All Pneumatic Products.
Pressure Gauge & Temp. Gauge, Thermowell & Instrument Item.
Parker Store | legris connectic | Techno Pneumatic Products | SHAVO FIRST NAME IN PNEUMATICS | JANATICS Pneumatic | FESTO | Uflow Solenoid Valve
op No. G-19, Jivandeep Arcade Near Asian Paint Chowkdi, GIDC Estate, Ankleshwar - 3930
Email: krishnatrading1705@gmail.com

Sahebrao G. Fand
Mo: 98980 56462, 92275 56462
VISHAL TILES & MARBLE CO.
Plot No. 7320, G.I.D.C., Karmatur Chokdi, Ankleshwar - 393 002.
RAINBOW GALICHA TILES & CHIPS IND.
Plot No. 731/9, G.I.D.C., Karmatur Chokdi, B/h. Vishal Tiles, Ankleshwar - 393 002.
Manufactures & Contractors For All Kinds of Galicha, Plain, Mosaic, Terrezo & Composed Marble Tiles, Rubber MouldPaver & Chequred Tiles Etc.

Munna Sing, Mob: 98244 86716
Manish singh, Mob: 98244 18777
FIDICON DEVICES INDIA PVT. LTD.
Manufacturer, Exporter & Service Provider of Process Control, Measuring Instrument & Safety Equipment
Plot No. 1706/12, Nr. Rajvi Cinema, GIDC., Ankleshwar - 393 002 | Phone : 02646 - 222238 | Fax : 02646 - 223412
E-mail : sales@fidicondevices.com / fidicondevices@yahoo.com | Website : www.fidicondevices.com



માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002